# વન અને પર્યાવરણ

માન.અધ્યક્ષશ્રી  આજ રોજ મને આ વિધાનસભા ગૃહમાં બોલવા નો અવસર આપવા બદલ હુ આપનો આભાર વ્યકત કરૂ છુ

માન.અધ્યક્ષશ્રી વન અને પર્યાવરણ જેની સાથે આપણે સતત જોડાયેલા છે. વન એ કુદરત ધ્વારા મનુષ્ય ને આપેલ શ્રેષ્ઠ ભેટ છે. ધણા જીવંત પ્રાણીઓ ને રહેવા માટે જગ્યા વન આપે આ સિવાય મનુષ્ય પણ વન માંથી તમામ પ્રકાર ના લાભ લેતો આવ્યો છે

માન.અધ્યક્ષશ્રી વન અને પર્યાવરણ એકજ સિકકા ના બે પાસા છે. વન ના વુક્ષો નો છાયડો હોય કે પછી હવા,ખોરાક,ફળ,લાકડા,પાણી અને ઔષધી જેવી પાયા ની જરૂરીયાતો પણ વન આપણા ને પુરૂ પાડે છે  એટલા જ માટે પર્યાવરણ નુ જતન કરવાની જવાબદારી આપણા સૌની છે ત્યારે મને એક કવિની રચના યાદ આવે છે

''જો પેડ મેરે પિતા ને કભી લગાયા થા
પિતા કે બાદ,પિતા સા હી ઉસકા સાયા થા
શુધ્ધ સ્વચ્છ પર્યાવરણ,પાની ઓર હવા
હે જીવન જીને કી અનમોલ દવા.....''

માન.અધ્યક્ષશ્રી પર્યાવરણ ને લગતા અનેક પ્રશ્નો સ્થાનીક,રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે અત્યંત અગત્ય ના બની ગયેલ છે.વિકાસ ની સાથે સાથે પર્યાવરણનુ પણ સંતુલન જાળવવુ અતિ આવશ્યક છે.આ માટે રાજય સરકાર વર્ષાથી સજાગ હોઈ ,વન અને વન્યજીવનનુ સંરક્ષણ તથા સંવર્ધન ની સાથે વન વિસ્તાર બહાર ના

વિસ્તારમાં પણ વૃક્ષાવરણ વધારવા માટે રાજયનો વન વિભાગ સતત પ્રયત્નશીલ રહીયો છે.

માન.અધ્યક્ષશ્રી વન વિભાગના ખુબજ અગત્ય ના અંગ એવા સામાજીક વનિકરણ યોજના નો મુળ હેતુ વન વિસ્તારમાં વૃક્ષોનુ આવરણ અને સંખ્યા વધારવાનુ છે.

માન.અધ્યક્ષશ્રી ચાલુ વર્ષ –૭૪ માં વન મહોત્સવ ની ઉજવણી દરમ્યાન રાજયમાં ૧૦.૪૦ કરોડ રોપાનુ વિતરણના આયોજનની સામે નવેમ્બર–૨૦૨૩ સુધી માં ૧૦.૦૮ રોપા નુ વિતરણ કરવામાં આવેલ છે. મને જણાવતા આનંદ થાય છે માન.અધ્યક્ષશ્રી કે સરકારશ્રી ની હરીત વસુંધરા યોજનામાં ૪૦ વન કુટીર તૈયાર કરવામાં આવેલ છે.તેમજ વન કવચ મોડલ હેઠળ ૧૦૦.૦૦ હેકટર વિસ્તારમાં વાવેતરની કામગીરી પુર્ણ કરેલ છે. તથા શહેરી વિસ્તારમાં પણ સરકારશ્રી ધ્વારા ૨૦ અર્બન ફોરેસ્ટ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

માન.અધ્યક્ષશ્રી વૃક્ષા રોપણ થકી જ ગ્રામ વન,જમીન વિહોણા ખેત મજુરો ની ભાગીદારી થી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ શકય છે.

માન.અધ્યક્ષશ્રી હુ તો એ વિસ્તાર માંથી આવુ છુ જે લોકો ને પ્રકુતિ પુજક ગણવામાં આવે છે.મારા દાહોદ જીલ્લાનુ રતનમહાલ અભ્યારણ હોય કે નર્મદા જીલ્લાનુ શુલપાણેશ્વર વન્ય જીવન અભ્યારણ હોય ,ડાંગ નુ પુર્ણા અભ્યારણ હોય આ અભ્યારણ થકીજ અમારા આદીવાસી જીલ્લાઓ નુ પ્રભુત્વ છે.

માન.અધ્યક્ષશ્રી જેટલુ વન જરૂરી છે તેટલાજ વન્ય જીવ નુ રક્ષણ પણ જરૂરી છે

માન.અધ્યક્ષશ્રી વન્ય પ્રાર્ણીઓ ના સરક્ષણ અને સંવર્ધન માટે ૪ રાષ્ટ્રીય ઉધાન,૨૪ અભ્યારણ અને ૧ કન્ઝર્વશન રીઝર્વ વિસ્તાર મળી કુલ ૨૯ રક્ષિત વિસ્તારો આવેલા છે.મને કહેતા ગર્વ થાય છે કે આ કામ મારી સરકારે કયુ છે.

માન.અધ્યક્ષશ્રી વન્ય જીવો ના રક્ષણ ની સાથો સાથ સરકારશ્રી ધ્વારા વન્યપ્રાણી ધ્વારા માનવજાત અને માલઢોર ઉપર થતા હુમલામાં

સહાયની રકમમાં વધારો માનવમૃત્યુ માટે રૂ.૪ લાખ ના બદલે રૂ.૫ લાખ સહાય ચુકવવાનો સરકાશ્રી એ વધારો કરેલ છે અને એ પણ માન.અધ્યક્ષશ્રી બનાવ બન્યાના સમય થી ૪૮ કલાકમાં જ ચુકવવામાં આવે છે.

માન.અધ્યક્ષશ્રી ૧૦ ઓગષ્ટ ના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી નો કાર્યક્રમ આદરર્ણીય મુખ્ય મંત્રીશ્રી ધ્વારા સેટકોમ મારફતે સિંહ સરક્ષણ અને સંવર્ધન અંગે ના સંદેસાનુ જીવંત પ્રસારણ સાથે શરૂ કરવામાં આવેલ હતુ જેમાં લાયન એન્થમ તથા સિંહ સુચના એપ લોન્ચ કરવામાં આવી હતી. મને જણાવતા આનંદ થાય માન.અધ્યક્ષશ્રી નેશનલ એન્થમ સાંભળીએ ત્યારે દેશ પ્રત્યે આદર અને ગર્વની લાગણી સહજ ઉભરી આવે તેવીજ રીતે વન વિભાગ ધ્વારા જે લાયન એન્થમ સાંભળી ને ગુજરાત ની શાન સમા સાવજ ને લઈને ગૌરવની લાગણી ઉભરી આવે છે.આ પ્રસારણ ગુજરાત ના ૧૦ જીલ્લાના ૭૪ તાલુકાઓ ની આશરે ૭ હજાર થી વધુ શાળા,કોલેજો જોડાયા હતા જે આનંદની વાત છે.

માન.અધ્યક્ષશ્રી સરકારની યોજનાઓ સાથો સાથ આ ગૃહના માધ્યમ થી દરેક ને વિનંતી કરવા માગુ છુ. કે

''જીતને પેડ કટે ઉસસે દુગને પેડ લગાતે હૈ
આઓ પ્રદુષણ કી સમસ્યા કો જડ સે મિટાતે હે''